**<u>નર્મદાનાં મહે.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ, મુ.રાજપીપળા.</u>**

**:–<u>રેગ્યુ.સીવીલ સ્યુટ નં.૧૦/૨૦૦૬ નાં કામે આંક–૩૧૮ લગત હુકમ</u>–:**

૧) આ કામે પ્રતિ.નં.૧ તથા ૨ નાં ઘ્વારા સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ મુજબ વાદીનો દાવો રદ કરવા હાલની અરજી આપવામાં આવેલ છે.પ્રતિવાદીની હાલની અરજી સામે વાદી તરફે આંક–૩૨૪ થી જવાબ વાંધાઓ રજુ કરવામા આવેલ છે, જેમા વાદી તેમની દાવા અરજીમાં જણાવેલ હકીકતોને વળગી રહેલ છે અને પ્રતિવાદીઓની અરજીની હકીકતોનો ઈન્કાર કરી પ્રતિવાદીઓની હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે. તેમજ આ કામનાં પ્રતિવાદી નં.૪ તરફે આંક–૩૨૮ થી હાલની અરજી સામે જવાબ વાંધાઓ રજુ કરવામા આવેલ છે અને પ્રતિવાદી નં.૧,૨ ની હાલની અરજીની હકીકતોનો ઈન્કાર કરી હાલની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

૨) સદર કામે વાદી તરફે આંક–૩૨૯ થી લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જે રેકર્ડનો એક ભાગ હોય વંચાણે લીધી.

૩) આ કામનાં પ્રતિવાદી નં.૧,૨ નાંઓની તેમની અરજીનાં અનુસંધાને મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.જેમા પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એસ.કે.જોષીએ દલીલ કરતા જણાવેલ છે કે,વાદીને હાલનો દાવો કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી તેમજ વાદીનો દાવો બાર્ડ બાય લો છે.વાદીએ નામ.કોર્ટથી સત્ય હકીકતો છુપાવી હાલનો દાવો દાખલ કરેલ છે.દાવાવાળી મિલકતનો કબજો વાદી પાસે નથી અને વાદીએ વેચાણ દસ્તાવેજની તમામ હકીકતો જાણતા હોવા છતા અને તે પ્રોસડીંગમાં પક્ષકાર હોવા છતા તે તમામ હકીકતો છુપાવી વાદીએ હાલનો દાવો દાખલ કરેલ છે.વાદીને દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થતુ ન હોય અને વાદીનો સમયમર્યાદા બહારનો હોય જેથી દાવો રદ કરવા રજુઆત કરેલ છે.

૪) જયારે વાદી તરફે વિ.વ.શ્રી એમ.જી.કુરેશીએ દલીલ કરતા જણાવેલ છે કે, વાદીએ હાલનો દાવો દાવાવાળી મિલકત વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ ત્યારબાદ

તે મિલકત સંબંધે તકરાર ઉપસ્થિત થતા દાવાવાળી મિલકતના વાદી માલીક મુખત્યાર છે તેવી જાહેરાતની દાદ મેળવવા દાખલ કરેલ છે.વાદીએ દાવા અરજીમાં તમામ હકીકતો જણાવેલ છે અને પ્રતિવાદી સાથે તકરાર ઉત્પન્ન થયેલ હોય જેથી વાદીને હાલનો દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ હોય પ્રતિવાદીની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

પ) સાંભળ્યા.અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. ઉપરોકત રજુઆત તથા કેસ રેકર્ડ ધ્યાને લેતાં તેમજ કાયદાની જોગવાઈ ધ્યાને લેતા કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે,જયારે સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ ની અરજીનો ન્યાયીક નિર્ણય કરવાનો હોય ત્યારે માત્ર વાદી તરફે રજુ થયેલ દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવાઓ જ ધ્યાને લેવા જોઈએ. આ કામે વાદીએ હાલનો દાવો તેઓ દાવાવાળી મિલકતના માલીક મુખત્યાર છે તેવી જાહેરાતની દાદ મેળવવા તથા જાથુનો મનાઈહુકમ મેળવવા દાખલ કરેલ છે.વાદીએ દાવા અરજી પારા–પ માં પ્રતિવાદી વાદીનો દાવાવાળી મિલકતનો કબજો છીનવી લેવા ધાકધમકી આપતા હોય જેથી દાવો કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે તેવી હકીકત જણાવેલ છે.હાલના કામે વાદી તરફે માર્ક ૩/૩ થી વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરવામા આવેલ છે તે ધ્યાને લેતાં તે વેચાણ દસ્તાવેજ રજી.થયેલ છે.તે દસ્તાવેજ ખોટો,ગેરકાયદેસરનો અને ફ્રોડ છે તથા તે વેચાણ દસ્તાવેજ કરી આપનારને તે દસ્તાવેજ કરવા કોઈ અધિકાર ન હતો તે હાલના તબકકે પુરાવો નોંધ્યા સીવાય નકકી થઈ શકે નહી.આમ તે બાબતે પુરાવો નોંધવો જરૂરી હોય હાલના તબકકે તેનો ન્યાયીક નિર્ણય થઈ શકે તેમ નથી. વધુમાં વાદીએ તેમની દાવા અરજીમાં સ્પષ્ટપણે એવી હકીકત જણાવેલ છે કે પ્રતિવાદી તેમને કબજામાંથી દુર કરવા માટે ધાકધમકી આપી રહેલ છે. જેથી વાદીનો કબજો નથી ? તે હકીકત પણ પુરાવો નોંધ્યા સીવાય નકકી થઈ શકે તેમ નથી.વાદીએ દાવા અરજી પારા–પ માં જે દાવાનું કારણ દર્શાવેલ છે તે કારણમાં સ્પષ્ટપણે પ્રતિવાદી તેમને કબજામાંથી દુર કરવા પ્રયત્ન કરતા હોય જેથી દાવો કરવાનું કારણ ઉત્પન્ન થયેલ હોવાનું હાલના તબકકે જણાય આવે છે.વધુમાં આ કામે વાદીએ જે દસ્તાવેજ રજુ કરેલ છે તે સને–૨૦૦૪ નો છે અને હાલનો દાવો વાદીએ

સને–૨૦૦૬ માં દાખલ કરેલ છે.જેથી વાદીએ હાલનો દાવો સમયમર્યાદામાં દાખલ કરેલ હોવાનું હાલના તબકકે જણાય આવે છે. આમ પ્રતિવાદી નં.૧,૨ ની જે રજુઆત છે કે વાદીને દાવો કરવાનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી તથા વાદીનો દાવો બાર્ડ બાય લો છે તેમજ વાદીના દાવાને સમયમર્યાદાનો બાધ નડે છે તે તમામ હકીકત, આ કામે વાદીનું પક્ષનિવેદન તથા દાવા અરજી તથા સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં હાલના તબકકે પુરાવો નોંધ્યા સીવાય નકકી થઈ શકે તેમ ન હોય તથા સી.પી.સી.ઓર્ડર ૭ રૂલ ૧૧ માં હકીકત છુપાવવાનાં કારણે દાવા અરજી નામંજુર કરવાની કોઈ જોગવાઈ ન હોય ત્યારે અને તેવા સંજોગોમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદીની હાલની અરજી મંજુર કરવી વ્યાજબી અને ન્યોયોચીત જણાતી ન હોય,ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:– <u>હુકમ</u> –:**

૧) આ કામનાં પ્રતિવાદી નં.૧ તથા ૨ નાંઓની સી.પી.સી.ઓર્ડર–૭ રૂલ–૧૧ મુજબ વાદીનો દાવો નામંજુર કરવા અંગેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

૨) અરજીનો ખર્ચ દાવાનાં આખરીહુકમને અનુસરશે.

આ હુકમ આજ તારીખ ૧૯ મી, માહે–માર્ચ, સને–૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલત માં સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

રાજપીપળા

તા.૧૯/૦૩/૨૦૨૪

**(જનક દેવજીભાઈ સોલંકી)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
નર્મદા મુ.રાજપીપળા.
જજ કોડ નં. જીજે ૦૦૯૭૯